**તેજાબના લોટિયા પઠાણની ગેંગની જેમ જ મોહસીન પઠાણની ગેંગનો આતંક**

# અનવરનગરમાં તલવારો સાથે ત્રાટકેલી ગેંગથી ભયનો માહોલ

**અનવરનગરમાં** ભયજનક દૃશ્યોનો વિડીયો વાયરલ થતાં દોડતી થયેલી પોલીસે 6ની ધરપકડ કરી


1. તલવારથી લોકોમાં ભય


2. પોલીસનો કોઈ ભય નથી


3. કલાકો સુધી આતંક મચાવ્યો

સુરતઃ સલાબતપુરા પોલીસના નાક નીચે ગઈકાલે રાત્રે એક કુખ્યાત ગેંગની ટોળકીએ અનવર નગરમાં ભારે આતંક મચાવ્યો હતો. આ વીડિયો વાયરલ થતા પોલીસની ટીમ એક્શનમાં આવી હતી. અને 6 આરોપીઓને પકડી પાડ્યા હતા.

સલાબતપુરા વિસ્તારમાં આવેલા આંજણા ફાર્મ, અનવરનગર ખાતે ગઈ તારીખ 21 એપ્રિલે મારામારીની ઘટના બની હતી. જેમાં ફરીયાદી મોહસીન ઉર્ફે બાબા ઉર્ફે કાલિયા રઉફ પઠાણ (રહે- કમરૂનગર નવી ટેનામેન્ટ લિંબાયત)ને આરોપી આરીફ શાહ શકીલ શાહે (રહે- અનવરનગર, આંજણા ફાર્મ, સલાબતપુરા) માર માર્યો હતો. આ અંગે તેણે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આરોપી આરીફ શાહ શકીલ શાહની અટક કરી કોર્ટમાં રજૂ કરાયો હતો. કોર્ટમાંથી જામીન ઉપર મુક્ત થયા બાદ મોહસીન ઉર્ફે બાબા કાલીયા રઉફ પઠાણ સાથે થયેલા ઝગડાની અદાવત રાખી તેના મિત્રો સાથે ગઈકાલે રાત્રે તેના ઘરે ગયો હતો અને મારામારી કરી નાસી ગયો હતો. આ ઘટનામાં આરોપી ટોળુ લઈને આવે છે અને હાથમાં મોટા હથિયારો લઈને હુમલો કરે છે અને વાહનની તોડફોડ કરે છે. જે કેમેરામાં કેદ થઇ ગયું હતું અને આતંકનો આ વીડિયો સમગ્ર શહેરમાં ફરતો થઇ ગયો હતો. મારામારીના વીડિયોમાં દેખાતા આરોપીઓ શોધી કાઢવા સલાબતપુરા પોલીસની ટીમ કામે લાગી હતી.

સલાબતપુરા પીઆઈ બી.આર.રબારીએ ભયનું વાતાવરણ ઊભું કરનારા આરોપીઓને પકડી પાડવા તેમની ટીમને સૂચના આપી હતી. અને ગુનામાં સંડોવાયેલા 6 આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

**પકડાયેલા આરોપીઓનાં નામ**

(૧) મોહસીન ઉર્ફે બાબા ઉર્ફે કાલિયા રઉફ પઠાણ (ઉ.વ.૨૩, ધંધો-ગેરેજમાં મજૂરીકામ રહે- કમરૂનગર નવી ટેનામેન્ટ લિંબાયત), (૨) વિક્કી પુંડલીક મઘા જગદેવ (ઉ.વ.૨૪, ધંધો- એસએમસીમાં મજૂરી, રહે- આંબેડકરનગર લિંબાયત તથા મૂળ ધુલિયા, મહારાષ્ટ્ર), (૩) વિકાસ નાના ઈંદવે (ઉ.વ.૧૯, રહે- આંબેડકરનગર લિંબાયત), (૪) સોયેબ ઉર્ફે માચો હારૂનખાન પઠાણ (ઉ.વ.૨૩, રહે- કમરૂનગર જૂની ટેનામેન્ટ લિંબાયત), (૫) રીયાન ઉર્ફે લક્કી મોહંમદ પઠાણ (ઉ.વ.૧૯, રહે- જૂની કમરુનગર ટેનામેન્ટ, લિંબાયત), (૬) ઇરફાન ઇબ્રાહીમ શેખ (ઉ.વ.૨૧, રહે- લાલ બિલ્ડિંગ, લિંબાયત).

**ચૂંટણીને લઈને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત એક્શનમાં**

# પોલીસે સંવેદનશીલ વિસ્તારોમાં 119 ફૂટ પેટ્રોલિંગ-181 વાહન ચેકિંગ પોઈન્ટ બનાવ્યા

**પોલીસ** કમિશનરે જાતે વાહન ચેકિંગ પોઈન્ટ અને સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લીધી



સુરતઃ લોકસભા ચૂંટણીને લઈને પોલીસની ટીમ હવે એક્શનમાં આવી છે. શહેરમાં શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પોલીસે સંવેદનશીલ વિસ્તારો નક્કી કરી ચેકિંગ અને ફૂટ પેટ્રોલિંગના પોઈન્ટો નક્કી કર્યા છે. આ તમામ પોંઈન્ટનું સ્થળ નિરીક્ષણ સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જાતે કર્યું હતું અને સમીક્ષા કરી હતી.

સુરત શહેરનો અડધો વિસ્તાર નવસારી લોકસભામાં આવતો હોવાથી લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસે કમર કસી છે. નવા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આ માટે શહેરના અલગ અલગ વિસ્તારોમાં સંવેદનશીલ વિસ્તારો આઈડેન્ટિફાઇ કરી 119 ફૂટ પેટ્રોલિંગ રૂટ અને 181 વાહન ચેકિંગ પોઈન્ટ નક્કી કર્યા છે.

**25** પોલીસ કર્મચારીની ટીમ | **119** ફૂટ પેટ્રોલિંગ રૂટ | **181** વાહન ચેકિંગ પોંઇન્ટ

# સુરતમાં વધુ 12 શેલ્ટર હોમ બનાવવા મનપાનું આયોજન

**મનપાના** શેલ્ટર હોમમાં 7000 લોકોને રહેવાની સુવિધા ઉપલબ્ધ થશે

સુરત : કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી સુરત મનપા દ્વારા આવા સાત શેલ્ટર હોમ જુદા જુદા વિસ્તારમાં 7 શેલ્ટર બનાવાયા છે. તેમજ વધુ 12 શેલ્ટર હોમ બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

સુરતમાં દેશભરમાંથી લોકો રોજીરોટી માટે આવતા લોકોને કામધંધો તો મળી જાય છે પરંતુ રહેવાની સગવડ નહીં થતા ઘણા લોકો રસ્તા પર ડેરાતંબુ નાંખીને કે બ્રિજ નીચે પડયા-પાથર્યા રહે છે. જેના કારણે ગંદકી સહીતનું ન્યુસન્સ ઊભું થાય છે. આ મુદ્દાને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર દ્વારા શહેરી વિસ્તારમાં શેલ્ટર હોમ બનાવવા માટે ગ્રાન્ટ આપવામાં આવે છે. આવી ગ્રાન્ટની મદદ થકી મનપા દ્વારા અત્યાર સુધીમાં સાત 7 સ્થળો પર શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા છે. જેમાં સ્મીમેર, અલથાણ, ભેસ્તાન, ગોરાટ, મગોબ, મોરાભાગળ અને કતારગામના શેલ્ટર હોમનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધારે ક્ષમતા રાંદેર ઝોન સ્થિત શેલ્ટર હોમની છે. ઉલ્લેખનીય છે કે શેલ્ટર હોમમાં આશ્રય મેળવનારાઓને નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે, હાલ પણ મોટી સંખ્યામાં લોકો અલગ-અલગ શેલ્ટર હોમમાં આશ્રય મેળવી રહ્યા છે. જેની કુલ ક્ષમતા આશરે 2500 લોકોની છે, જોકે નવા આયોજન મુજબ અનુસાર ચાલુ વર્ષે વધુ 12 શેલ્ટર હોમ બનાવવા માટેનું કાર્ય પ્રગતિ પર છે. જે તૈયાર થઈ જતા કુલ ક્ષમતા 7000ની આસપાસ પહોંચી જશે.

**માત્ર 80 હજારના નુકસાનની ફરિયાદ થઇ તે પણ આશ્ચર્ય**

# વરાછાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ઈજારદારને એકસાથે 87 લાખનું બિલ કેમ અપાયું?

**સ્પોર્ટ્સ** કોમ્પ્લેક્સમાં ઇજારદારે કેટલું નુકસાન કર્યુ ? : કમિશનરે તપાસ મૂકી

**એડિશનલ** સિટી ઇજનેર જતીન દેસાઇ રિપોર્ટ સબમિટ કરશે

સુરત : વરાછા ઝોનમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ચલાવતી ખાનગી એજન્સી એમ. પી. ફિટનેસ એન્ડ સ્પોટર્સના સંચાલકો ઈજારો પૂરો થાય તેના બે મહિના પહેલા જ સ્પોર્ટ્સ કોમ્પલેક્સને અચાનક તાળા મારી રફુચક્કર થઈ જતા વિવાદ થયો છે. કારણ કે, આ એજન્સીએ ભરવાના થતા વેરા અને પાણીના બિલના 87 લાખ રૂપિયાની ચૂકવણી પણ બાકી છે. અગાઉ વરાછા ઝોનના અધિકારીઓ દ્વારા આ મુદ્દે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. પરંતુ તેમાં માત્ર 80 હજારના નુકસાનનો આંક છે. પરંતુ હવે મનપા કમિશનર દ્વારા એડિશનલ સિટી ઈજનેર (સિવિલ) જતિન દેસાઈને તપાસ સોંપવામાં આવી છે.

ઈજારદાર એજન્સી એમ. પી. ફિટનેસ એન્ડ સ્પોટ્સને વરાછા સ્પોર્ટસ કોમ્પલેક્સનો પીપીપી ધોરણે પાંચ વર્ષ માટે ઈજારો અપાયો હતો. આ એજન્સી દ્વારા આડેધડ ફી વસૂલાતી હોવાથી માંડીને અનેક ફરિયાદો હતી. જો કે આમ છતા તંત્રવાહકો દ્વારા આંખ આડા કાન કરાતા હતા, દરમિયાન ઈજારો પૂરો થવાના બે માસ બાકી હતાં ત્યારે મનપા દ્વારા આપવામાં આવેલા 87 લાખના વેરા-પાણી બિલની રકમની ચૂકવણી કર્યા વગર જ એજન્સી સ્પોર્ટ્સ કોમ્પલેક્સને તાળુ મારી પલાયન થઈ ગયા હતા એટલું જ નહીં અહીં મૂકેલા સાધનો પણ સાથે લેતા ગયા હતાં.

જો કે ઉચ્ચ અધિકારીની તપાસ બાદ મનપાને આર્થિક રીતે ચૂનો લગાડનાર ઈજારદાર સામે તંત્ર દ્વારા આગામી દિવસોમાં ફોજદારી કાર્યવાહી પણ થઇ શકે છે, ઉપરાંત પાંચ વર્ષથી ઈજારો ચલાવનાર એજન્સીને એક સાથે કેમ વેરાબિલ આપવામાં આવ્યું? તે સૌથી મોટો તપાસ થશે.

# ઉધનામાં ભરવાડ યુવાનની હત્યાની કોશિશ કરનારને 10 વર્ષની કેદ

**નાનાભાઇ** સાથે થયેલા ઝઘડાની અદાવત રાખી મોટાભાઇ પર હુમલો કર્યો હતો

સુરતઃ ઉધનામાં 6 વર્ષ પહેલા નાના ભાઈ સાથેની અદાવતને કારણે મોટા ભાઈ ઉપર હુમલો કરનાર આરોપીને કોર્ટે કસૂરવાર ઠેરવીને 10 વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે, ઉધનાની લક્ષ્મી નગર સોસાયટીમાં રહેતા પશુપાલનનો વ્યવસાય કરે છે. જગદીશભાઈ ભરવાડ એપ્રિલ 2018માં તે આશા નગરમાં દૂધ આપવા ગયા હતા. ત્યારે ધર્મયુગ સોસાયટીના ગેટ નંબર 1 પર આરોપી દિનેશ ઉર્ફે ચોટલી ઉર્ફે જયભીમ દિલીપ શિરસાઠ (રહે. રોયલ પેલેસ, ધર્મયુગ સોસાયટી, ઉધના, મૂળ ધુલિયા, મહારાષ્ટ્ર) જગદીશ પર ચાકુથી હુમલો કર્યો હતો. આરોપી દિનેશનો જગદીશના નાના ભાઈ રાકેશ ભરવાડ સાથે રૂપિયાની લેવડ દેવડના ઝઘડો થયો હતો. તેની અદાવતમાં આરોપી દિનેશે જગદીશ પર હુમલો કર્યો હતો. આ બનાવ બાબતે ઉધના પોલીસે સ્ટેશનમાં આરોપી દિનેશ ઉર્ફે ચોટલી વિરુદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

આ કેસ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધિશ અતુલ કુમાર રાવલની કોર્ટમાં ચાલી ગયો હતો. સરકાર તરફે એપીપી આર.પી. ડોબરિયાએ આરોપીને સખત સજાની માંગ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી દિનેશ ઉર્ફે ચોટલી ઉર્ફે જયભીમ શિરસાઠને કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા અને પાંચ હજાર રૂપિયાના દંડનો હુકમ કર્યો હતો.

# ભટારમાં રસ્તો ક્રોસ કરતા વૃદ્ધને બાઈકરે અડફેટે લેતા મોત

સુરતઃ ભટારમાં રસ્તો ક્રોસ કરતાં વૃદ્ધને બાઈકરે અડફેટે લેતા તેમનું મોત નિપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી અનુસાર ભટાર વિસ્તારમાં આવેલી તડકેશ્વર સોસાયટીમાં ઉત્તમભાઈ સંપતભાઈ સુરવે (ઉ.વ.૬૩) એક પુત્ર સાથે રહેતા હતા. હાલ તેઓ નિવૃત્ત જીવન જીવી રહ્યા હતા. તેમનો પુત્ર રિક્ષા ચલાવી પરિવારનું ભરણપોષણ કરે છે.

ગઈકાલે રાત્રે તેઓ ભટાર ચાર રસ્તા કોઈ કામ માટે જતાં હતાં. તેઓ રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે જ એક અજાણ્યા બાઈક ચાલકે તેમને અડફેટે લેતા ગંભીર ઈજાના કારણે તેમનું મોત નિપજ્યું હતું. ખટોદરા પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

**દિવ્યાંગ બાળકોના લાભાર્થે ચિત્રોનું સાયલન્ટ ઓક્શન**



સુરતની શ્રી મહાદેવ ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા દિવ્યાંગ બાળકોના ઉત્થાન માટે ભંડોળ ભેગું કરવા સૌ પ્રથમવાર આર્ટિસ્ટ અનુરાધા મહેતાના ચિત્રોનું પ્રદર્શન આજથી તા.28મી સુધી વનિતા વિશ્રામ આર્ટ ગેલેરી ખાતે શરૂ થયું હતું. બૌદ્ધિક રીતે વિકલાંગ પ્રત્યેના તેમના પ્રેમને અદ્દભૂત રંગોમાં ભેળવીને આ ચિત્રો તૈયાર કરવામાં આવ્યા છે. (તસવીરઃ હેમંત ડેરે)

# ચેમ્બરના ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં મિતિષ મોદીએ ઉમેદવારી પરત ખેંચી

**રવિવારે** નિખિલ મદ્રાસી વિરુદ્ધ મનીષ કાપડિયાનો સીધો ચૂંટણી જંગ ખેલાશે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનાં વર્ષ 2024-25નાં ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં નવો વળાંક આવ્યો છે. માજી પ્રમુખોનાં જૂથનાં નારાજ ઉમેદવાર ડો.બંદના અજોય ભટ્ટાચાર્યએ ગઈકાલે ઉમેદવારી પાછી ખેંચી હતી. દરમિયાન આજે સીએ. મિતિષ મોદીએ ઉમેદવારી પરત ખેંચી લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, સંસ્થાના વિશાળ હિતમાં સિનિયર આગેવાનોની સમજાવટને પગલે કોઈપણ ઉમેદવારની તરફેણ કર્યા વિના ચેમ્બરના સર્વાંગી હિતને ધ્યાનમાં રાખીને ઉમેદવારી પરત ખેંચી છે.જોકે આજે નિખિલ મદ્રાસીએ સીએ મિતીશ મોદીની મુલાકાત લીધી હતી.

જેમાં સીએ અક્ષય મોદી, જગદીશ રેવડીવાલા, શ્રી સલિલ ઉપાધ્યાય,મુકેશ મનિલાવાલા,સંજય ખાટીવાલા, દેવેશ ગોહિલ, એડવોકેટ દેવાંગ ઘાસવાલા, કીર્તિભાઈ શાહ,જયેશ દલાલ, ભૂતપૂર્વ પ્રમુખો અમરનાથ ડોરા, બી.એસ. અગ્રવાલ, પ્રફુલભાઈ શાહ, અરવિંદભાઈ કાપડિયા, રાજેન્દ્રભાઈ ચોખાવાલા ઉપરાંત, દિપક શેઠવાલા, મૃણાલ શુક્લ, બિજલ જરીવાલા, સંજય પંજાબી, દક્ષાબેન મોદી ઉપસ્થિત રહ્યા હતા.

**બે વર્ષ સુરતી અને એક વર્ષ સૌરાષ્ટ્રવાસીની ફોર્મ્યુલા મનીષ કાપડિયાએ ફગાવી**

આશિષ ગુજરાતી ચેમ્બરમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટણી લડી રહ્યાં હતાં ત્યારે સૌરાષ્ટ્રવાસી આગેવાનો સાથે એવી ફોર્મ્યુલા નક્કી થઇ હતી કે,બે વર્ષ સુરતી પ્રમુખ બને અને એ પછીના ત્રીજા વર્ષે સૌરાષ્ટ્રવાસી, દિનેશભાઇ નાવડીયા પછી આશિષ ગુજરાતી અને હિમાંશુ બોડાવાલા પ્રમુખ બન્યા હતા. આ બંને પછી રમેશ વઘાસિયા પ્રમુખ બન્યા અને હવે વિજય મેવાવાલા પ્રમુખ બનશે. ઉપપ્રમુખ પદ માટે સુરતી આગેવાનો ક્રમ હોવા છતાં મનીષ કાપડિયાએ ઉતાવળે ઉપપ્રમુખ પદે ફોર્મ ભરી દેતા આ સમાધાન પડી ભાંગ્યું છે. અને માજી પ્રમુખો નિખિલ મદ્રાસીનાં સમર્થનમાં આવી ચૂંટણીથી પરિણામ નક્કી કરી રહ્યાં છે.

# આજે પાસ કન્વીનર અલ્પેશ-ધાર્મિકનો ભાજપમાં વિધિવત પ્રવેશ

**મીનીબજાર** સરદાર પ્રતિમા ખાતે શનિવારે સાંજે 8 કલાકે સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે

સુરત : લોકસભાની ચૂંટણીની દોડાદોડ વચ્ચે પણ અન્ય પાર્ટીઓના નેતાઓને ભાજપમાં ભેળવી દેવા માટેનું ભાજપનું ઓપરેશન લોટ્સ હજુ ચાલુ જ છે. ત્યારે એક સમયે ભાજપ સરકાર સામે છેડાયેલા પાટીદાર આંદોલનના મુખ્ય ચહેરા અને વર્ષ 2022ની વિધાનસભા ચુંટણીમાં આમ આદમી પાર્ટીમાંથી ભાજપ સામે ચૂંટણી લડેલા ધાર્મિક માલવિયા અને અલ્પેશ કથીરિયા પાટીદાર અનામત આંદોલન સમિતિના 200થી વધુ કાર્યકરોસાથે શનિવારે ભાજપનો ખેસ પહેરી ભાજપમાં જોડાશે તેવી જાહેરાત કરી દેવાઇ છે.

પાટીદાર આંદોલનનું એપી સેન્ટર બનેલા મીનીબજાર સરદાર પટેલની પ્રતિમા ખાતે જ શનિવારે સાંજે આઠ કલાકે આ બન્ને નેતાઓના ભાજપ પ્રવેશનું આયોજન કરાયું છે. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિતના નેતાઓ હાજર રહેશે. વિધાનસભાની ચુંટણીમાં વરાછા અને ઓલપાડ બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ધાર્મિક માલવિયા અને અલ્પેશ કથીરિયાનો કારમો પરાજય થયો હતો. પાટીદાર અનામત આંદોલનને કારણે યુવાઓમાં લોકપ્રિય બનેલા આ બંને નેતાઓ જો કે છેલ્લા ઘણા સમયથી આમ આદમી પાર્ટીથી અંતર રાખતા હતા. એક અઠવાડિયા પહેલાં જ આમ આદમી પાર્ટીને અલવિદા કહેનારા આ બંને આગેવાનો ભાજપમાં જોડાશે તે અંગેના તર્કવિતર્ક શરૂ થઈ ચુક્યા હતા. ત્રણ દિવસ પહેલા સરથાણા પોલીસ મથક પાસે આવેલા પાર્ટી પ્લોટમાં પાસના કાર્યકરો અને આગેવાનો સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાસના 200 કાર્યકરો સાથે ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરવા શનિવારે વિધિવત ધાર્મિક અને અલ્પેશનો ભાજપમાં વાજતે ગાજતે પ્રવેશ થશે.

**શહેરમાં આત્મહત્યાના ત્રણ બનાવ**

# વરાછામાં રત્નકલાકારે ગાર્ડનમાં અને અડાજણમાં યુવકે સરદાર બ્રિજ નીચે ઝેર પીધું

સુરતઃ શહેરમાં અલગ-અલગ વિસ્તારમાં ત્રણ વ્યક્તિઓએ આત્મહત્યા કરી લીધી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા વિસ્તારમાં યોગેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા ગણેશ અરજણભાઈ ધોળકીયા (ઉ.વ.૪૮) રત્ન કલાકાર તરીકે કામ કરતો હતો. ગુરૂવારે સાંજે પરવત પાટિયા-ડિંડોલી રોડ પર આવેલા મિડાસ સ્ક્વેર પાસે ગાર્ડનમાં ગણેશે ઝેર પી લીધું હતું. ત્યાર બાદ ગણેશે મિત્ર પ્રકાશને ફોન કરી પોતે ઝેર પીધું હોવાનું કહેતા પ્રકાશ તાત્કાલિક ગાર્ડન પહોંચીને ગણેશને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. આર્થિક સંકળામણના કારણે આત્મહત્યા કરી હોવાની સંભાવના છે. અન્ય એક બનાવમાં વેડરોડ વિસ્તારમાં કેશવપાર્ક પાસે રહેતા જીગર મુકેશભાઈ સોનાણી( 22 વર્ષ) ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. સોમવારે સાંજે જીગરે અડાજણ સરદાર બ્રિજ નીચે ઝેર પી લીધું હતું. જેની જાણ તેને જ પરીવારને કરી હતી. પરીવાર જનો દ્વારા જીગરને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન જીગરનું મોત થયું હતું.

ત્રીજા બનાવમાં ભેસ્તાનના ઉમ્મીદનગરમાં રહેતા ૪૦ વર્ષિય પ્રદિપ લક્ષ્મણભાઈ ખરવારને કામ નહીં મળતા બેકારીના કારણે હતાશ થઈને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

# મેટ્રોની મોંકાણ : રાજમાર્ગ પર મેટ્રોના કામથી ડ્રેનેજ તૂટતાં બિલ્ડિંગમાં ગંદા પાણી ઘૂસ્યા

**ટાવર** નજીક છાશવારે થતી હાલાકી ઉકેલવા જીએમઆરસીને આવેદનપત્ર પાઠવાયું

સુરત : મેટ્રો રેલની કામગીરી દરમિયાન ટાવર રોડ પર ડ્રેનેજ લાઇન તૂટતાં આર્યમાન આર્કેડના બેઝમેન્ટમાં ગંદા પાણી ઘુસી ગયા હતા. દુકાનદારો તથા રહીશોએ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનને આ મુદ્દે આવેદન પાઠવ્યું હતું. બોરિંગનું પીવાનું પાણી પણ ચીકણું આવી રહ્યાની ફરિયાદ કરી હતી. આ ઉપરાંત ઠેરઠેર બેરિકેટ મૂકાતા મુખ્ય રસ્તા બંધ થયા પછી વેપાર ઠપ્પ થવાની સાથે આવવા જવામાં પણ તકલીફ પડી રહી હોવાનું જણાવ્યું હતું. આર્યમાન આર્કેડ ખાતે રૂબરૂ આવેલા GMRCના અધિકારીઓ સમક્ષ દુકાનો બંધ રહેતાં આર્થિક નુકસાની પણ થઇ રહી હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી હતી. આ સમસ્યા ઉકેલી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માંગણી કરી હતી. તેમજ ભૂગર્ભમાં થતાં ખોદકામને કારણે ધ્રુજારી થતાં બિલ્ડિંગોના સ્ટ્રક્ચર પણ પ્રભાવિત થઈ રહ્યા છે. બિલ્ડિંગની ડ્રેનેજ લાઇન તૂટી ગયા બાદ યોગ્ય રિપેરિંગ ન થવાના લીધે બેઝમેન્ટમાં ભરાયેલા ગંદા પાણીની હજુ સફાઇ થઇ શકી નથી, જેના લીધે સ્ટ્રક્ચરની સાથે લોકોના સ્વાસ્થ્ય સામે પણ જોખમ તોળાઇ રહ્યાની સ્થાનિકોએ રાવ કરી હતી.

**મેટ્રોની સાઈટ પરથી 51 હજારના સળિયા, પાઇપ અને જેકની ચોરી**

સુરતઃ લિંબાયત પોલીસ પાસે મળતી માહિતી મુજબ સીમાડા ચેકપોસ્ટની પાછળ ડીબીએલ સ્ટાફ કોલોનીમાં રહેતા 26 વર્ષીય પુષ્પેન્દ્ર રાજકુમાર ત્રિપાઠી મેટ્રો પ્રોજેક્ટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. હાલમાં લિંબાયત ઓમ નગર બીઆરટીએસ પાસે મેટ્રોનું કામ ચાલતુ હોવાથી ત્યાં લોખંડનો સામાન મૂકવામાં આવ્યો છે. જેની દેખરેખ રાખવાની જવાબદારી તેમની છે. તેમણે પોલીસને જણાવ્યું હતું કે, ગઇ તારીખ 25નીએ સવારે બે ચોરો આવી મેટ્રોના સેન્ટિંગના સળિયા, લોખંડના લેઝર પાઇપ, લોખંડના જેક મળી કુલ 51 હજારની ચોરી કરી નાસી ગયા હતા.

# રિંગ રોડ સ્થિત આઈસીસી બિલ્ડિંગમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગ

સુરતઃ ઉનાળાની શરૂઆત થતાનીસાથે જ શહેરમાં ઘરો તથા ઓફિસમાં લગાવેલા એસીમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગવાના કિસ્સાઓ અવારનવાર પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે શુક્રવારે સાંજે રિંગરોડ સ્થિત આઈસીસી બિલ્ડીંગના છઠ્ઠા માળે એક ઓફિસમાં એસીના કોમ્પ્રેસરમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી ગઈ હતી. તેથી મજૂરા ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જોકે ફાયરનીટીમ ઘટના સ્થળે પહોંચે તે પહેલા ઓફિસના કર્મચારીઓએફાયર ઉપકરણ વડે આગ બુઝાવી દીધી હતી, તેવું મજુરા ફાયરના સબ ઓફિસર નિલેશ દવેએજણાવ્યું હતું. છેલ્લાં એક અઠવાડિયામાં એસીમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગવાના ચાર બનાવ બન્યા છે.

# સુરત મર્કન્ટાઈલ બેંકના લોનધારકને ચેક રિટર્નના કેસમાં એક વર્ષની સજા

**લોન** દીધાની તારીખથી 9 ટકા વ્યાજ ચૂકવવા કોર્ટનો હુકમ

સુરત : ધી સુરત મર્કન્ટાઈલ કો.ઓ.બેંક લી.સુરતનાં ડીફોલ્ટર અને આર.જી.ક્રિએશનના સંચાલક રજનીકાંત છગનલાલ માયાણીને ચેક રીટર્નનાં કેસમાં સુરતના પાંચમાં એડીશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે એક વર્ષની કેદની સજા અને ફરિયાદની તારીખથી હુકમ સુધી 9 ટકા વ્યાજની રકમ 60 દિવસમાં વળતર પેટે ચુકવી આપવા હુકમ કર્યો છે અને જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ચાર માસની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. સુરત મર્કન્ટાઈલ કો.ઓ.બેંક તરફથી એડવોકેટ ભરતભાઈ એસ.ચૌહાણ હાજર રહ્યાં હતાં. રજનીકાંત માયાણીએ બેંકની લેણી નીકળતી રકમ રૂા.૧૩,૯૩,૮૯૯ અંગે બેંકને વસૂલાત પેટે ચેક આપ્યો હતો, જે ચેક રીર્ટન થતાં ધી નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ કોર્ટમાં તેમના વિરૂદ્ધ બેંક દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.